# કારોબારી સારાંશ

**પૂર્વ ભૂમિકા**

ગુજરાત સરકારની રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ 2018-19 દરમિયાન રાજ્ય સરકારની નાણાકીય કામગીરીની તટસ્થપણે આકારણી કરવાના અને રાજ્ય સરકાર અને નાણાકીય માહિતીના પૃથક્કરણના આધારે રાજ્ય વિધાનસભાને માહિતી પુરી પાડવાના ઉદ્દેશ્યથી બહાર પાડવામાં આવે છે. આ પૃથક્કરણને યથાર્થતા પુરી પાડવા માટે, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005, નાણાપંચની ભલામણો અને 2018-19 ના અંદાજપત્રીય અંદાજો અને સરકારના જુદા જુદા વિભાગોમાંથી મેળવેલી અન્ય નાણાકીય માહિતીમાં કરવામાં આવેલા અંદાજીત લક્ષ્યાંકોની સાથે સિધ્ધિઓની તુલના કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## અહેવાલ

માર્ચ 2019 અંતિત વર્ષ માટેના ગુજરાત સરકારના ઓડિટ થયેલા હિસાબોના આધારે, આ અહેવાલ રાજ્ય સરકારના વાર્ષિક હિસાબોની પૃથક્કરણાત્મક સમીક્ષા રજૂ કરે છે. આ અહેવાલ ત્રણ ભાગમાં તૈયાર કરવામાં આવ્યો છે.

**પ્રકરણ I** નાણાકીય હિસાબો પર આધારિત છે અને સરકારની 31 માર્ચ 2019 ના રોજની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરે છે. રાજકોષીય અસમતુલનનું ટુંકાણમાં વૃતાંત આપવા ઉપરાંત સરકારની આવક, ખર્ચ અને ઋણનાં સ્વરૂપનાં જુદા જુદા ઘટકોના વલણો પર દ્રષ્ટિપાત કરે છે.

**પ્રકરણ II** વિનિયોગ હિસાબો પર આધારિત છે અને અનુદાન મુજબ વિનિયોગનું વર્ણન કરે છે અને ફાળવવામાં આવેલા અનુદાનોની સેવાઓ પુરી પાડનાર વિભાગો દ્વારા ક્યા પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી હતી તે દર્શાવે છે.

**પ્રકરણ III** સરકારના વિવિધ અહેવાલો રજુ કરવાની આવશ્યકતા અને નાણાકીય નિયમો અંગેની પૂર્તતા બાબતની યાદી છે.

આ અહેવાલમાંના અવલોકનોના સમર્થનમાં વિવિધ સ્ત્રોતોમાંથી એકઠી કરેલી માહિતી પણ સામેલ છે.

## રાજ્ય સરકારની સિધ્ધિઓનો સંક્ષિપ્તમાં સારાંશ

2018-19 દરમિયાન ગુજરાતની ₹ 2,32,329 ની માથાદીઠ આવક ₹ 1,42,719 ની અખિલ ભારતીય આવક કરતાં ઉંચી હતી.

રાજ્યે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરેલા મુખ્ય નાણાકીય ચલાંકોના તમામ લક્ષ્યાંકો હાંસલ કર્યા હતા. રાજ્ય 2011-12 થી મહેસૂલી પુરાંત ધરાવે છે. GSDP ની સામે રાજકોષીય ખાધનો 1.76 ટકાનો ગુણોત્તર અને જાહેર ઋણનો 16 ટકાનો ગુણોત્તર ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકોથી નીચા રહયા હતા.

2018-19 દરમિયાન ₹ 4,699 કરોડની રાજ્યની વણચુકવાયેલ બાંયધરીઓ ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ,1963 હેઠળ નિયત કરેલી ₹ 20,000 ની મર્યાદાથી ઘણી નીચી હતી. રાજ્યની માલિકીની તમામ ચાર ઉર્જા વિતરણ કંપનીઓએ (DISCOMS) 2005-06 માં નાણાકીય કાયાપલટ હાંસલ કરી લીધી હતી અને રાજ્ય સરકાર દ્વારા ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના (ઉદય) હેઠળ કોઇ નાણાકીય સહાય પુરી પાડવામાં આવતી નથી.

રાજ્યની કરવેરા આવકે 2014-19 દરમિયાન ₹ 61,340 કરોડ થી ₹ 80,103 કરોડ થઇને વધારાનું વલણ દર્શાવ્યુ હતું. રાજ્યની મહેસૂલી આવકની સામે કરવેરા આવકની ટકાવારી 2017-18 માં 58.03 ટકા હતી તે વધીને 2018-19 માં 58.90 ટકા થઇ હતી.

રાજ્યની બજાર લોનની પરત ચૂકવણી માટે  કુશન પુરૂ પાડવા માટે એકત્રિત ડૂબત ભંડોળની સ્થાપના કરવાની અને કોઇ પણ આકસ્મિક જવાબદારીઓને સેવા પુરી પાડવા માટે કુશન પુરૂં પાડવા માટે બાંયધરી મુક્તિ ભંડોળની પણ રચના કરીને વધુ સારા રાજકોષીય વ્યવસ્થાપન માટે પહેલ પણ કરી હતી.

મૂડી ખર્ચ 2017-18 માં ₹ 26,313 કરોડ હતો તે વધીને 2018-19 માં ₹ 28,062 કરોડ થયો હતો અને 2018-19 દરમિયાન કુલ જાહેર ઋણની આવક (₹ 43,146 કરોડ) ના 65 ટકા જેટલી થતી હતી. રાજ્યના કુલ ખર્ચની સામે મૂડી ખર્ચની ટકાવારી 17.26 ટકા રહી હતી.

## અહેવાલનો વિષયાર્થ

### પ્રકરણ I

**રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ**

*રાજકોષીય પરિસ્થિતિ*

રાજ્યે 2011-12 અને આગળ મહેસૂલી ખાધને શૂન્ય સુધી ઘટાડવાનો લક્ષ્યાંક સિધ્ધ કર્યો હતો. 2018-19 માં ₹ 3,212 કરોડની મહેસૂલી પુરાંત મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક

નિવેદન (MTFPS) ની જોગવાઇ અને 14 મા નાણા પંચના 2018-19 માટેના લક્ષ્યાંક કરતાં નીચી હતી.

2018-19 ના અંતે, GSDP ની ટકાવારી રૂપે રાજકોષીય ખાધ 1.76 ટકા જેટલી રહી હતી જે 14 મા નાણા પંચે ભલામણ કરેલા ત્રણ ટકાની અંદર હતી પરંતુ મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS) માં સરકારની પોતાની 1.71 ટકાના અનુમાનની મર્યાદાથી વધુ હતી.

રાજકોષીય એકસૂત્રિય માર્ગરેખામાં, 2018-19 માટે 14 મા નાણા પંચે એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે બાકી જવાબદારીઓની[1] 25.79 ની ટકાવારીની ભલામણ કરી હતી જેની સામે ખરેખર બાકી જવાબદારીઓ 19.04 ટકા જેટલી રહી હતી. મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS) માં નિર્ધારિત 15.96 ટકાના લક્ષ્યાંકની સામે, 2018-19 દરમિયાન GSDP ની સામે જાહેર ઋણની 16.00 ટકાની ટકાવારી રાજ્ય સરકાર જાળવી રાખી શકી હતી.

ભારતના સરકારી હિસાબી માપદંડો (IGAS)-2 નિયત કરે છે કે સહાયક અનુદાનની નોંધ મહેસૂલી ખર્ચ હેઠળ કરવી જોઇએ. આમ છતાં, 2018-19 માં, રાજ્ય સરકારે અયોગ્ય રીતે જોગવાઇ કર્યા બાદ ₹ 11.01 કરોડ ના સહાયક અનુદાનને લગતા ખર્ચની નોંધ મહેસૂલ વિભાગના બદલે મૂડી વિભાગમાં કરી હતી. જે મહેસૂલી ખર્ચ ઓછો દર્શાવવામાં અને તેના પરિણામેં મહેસૂલી પુરાંત એટલા વધુ પ્રમાણમાં દર્શાવવામાં પરિણામ્યુ હતું.

*(ફકરો 1.1.2 અને 2.6)*

***ખાધના વલણો***

2018-19 દરમિયાન, રાજકોષીય ખાધ જે 2017-18 માં ₹ 21,366 કરોડ હતી તે મૂડી ખર્ચમાં ₹ 1,684 કરોડનો વધારો, મહેસૂલી પુરાંતમાં ₹ 2,020 કરોડ જેટલો ઘટાડો અને ₹ 1,295 કરોડ જેટલા લોન અને પેશગીઓમાં ચોખ્ખા વધારાના હિસાબે 2018-19 માં ₹ 4,999 કરોડ (23.40 ટકા) જેટલી વધીને ₹ 26,365 કરોડ થઇ હતી.

2018-19 દરમિયાન પ્રાથમિક ખાધ જે 2017-18 માં ₹ 2,412 કરોડ હતી તે 2018-19 દરમિયાન ₹ 3,770 કરોડ જેટલી વધીને ₹ 6,182 કરોડ થઇ હતી. રાજકોષીય ખાધમાં પાછલા વર્ષ કરતાં ચાલુ વર્ષમાં ₹ 4,999 કરોડનાં વધારામાંથી ₹ 1,229 કરોડની વ્યાજની ચૂકવણીનો વધારો સરભર થવાના કારણે આમ થયું હતું.

*(ફકરો 1.11.1 અને 1.11.3)*

[1] કુલ ચડત જવાબદારીઓમાં જાહેર ઋણ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. જાહેર ઋણમાં આંતરિક ઋણ અને ભારત સરકાર તરફથી લોનનો સમાવેશ થાય છે. જાહેર હિસાબની જવાબદારીઓમાં નાની બચત ભંડોળ, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ વગેરે સામેલ હોય છે.

### *રાજ્યના પોતાના સંસાધનો*

રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં 2018-19 માં ₹ 8,553.33 કરોડ (11.95 ટકા) જેટલા વધી હતી  જ્યારે બિન-કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 1,656.98 કરોડ (10.99 ટકા) જેટલી ઘટી હતી. 2018-19 માં રાજ્યની કર આવક 14 માં નાણાપંચના ₹ 1,28,483 કરોડના અનુમાનની સામે ₹ 48,380 કરોડના માતબર ગાળા સાથે નીચી રહી હતી. ઉપરાંત, 2018-19 માં કર આવક અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં નીચી હતી. ગુડઝ એન્ડ સર્વીસ ટેક્ષ અધિનિયમ 2017 ના અમલીકરણથી આવકના નુક્સાન ભરપાઇ કરવા માટે રાજ્ય સરકાર 2018-19 દરમિયાન ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષનું ₹ 7,311.47 કરોડનું વળતર મેળવવા માટે હકદાર હતું. ખરેખર બિન-કર આવક (₹ 13,417 કરોડ) અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં વધુ હતી પરંતુ 14 મા નાણાપંચના અનુમાન કરતાં ઓછી હતી. 2018-19 દરમિયાન, 69 ટકા મહેસૂલી આવક રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવી હતી.

***(ફકરા 1.3, 1.3.3 અને 1.3.5.1)***

### *કેન્દ્રિય કરવેરા અને જકાતમાં હિસ્સો અને સહાયક અનુદાન*

પાછલા વર્ષ કરતાં 13.03 ટકાની વૃધ્ધિ નોંધાવીને  2018-19 માં કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો ₹ 23,489 કરોડ જેટલો રહ્યો હતો. ભારત સરકાર તરફથી સહાયક અનુદાન પાછલા વર્ષ કરતાં ₹ 3,107 કરોડ (19.56 ટકા) જેટલું વધ્યુ હતું. 2018-19 દરમિયાન, રાજ્યની મહેસૂલી આવકના 31 ટકા ભારત સરકાર તરફથી કેન્દ્રિય કરવેરા અને સહાયક અનુદાનમાં રાજ્યના હિસ્સા રૂપે આવ્યા હતા.

***(ફકરા 1.3, 1.3.4 અને 1.3.5)***

### *મહેસૂલી ખર્ચ*

મહેસીલી ખર્ચ, પાછલા વર્ષ કરતાં 2018-19 દરમિયાન ₹ 14,730 કરોડના (12.48 ટકા) વધારા સાથે 2014-15 માં ₹ 86,652 કરોડ હતો તે સતત વધતો રહીને 2018-19 માં ₹ 1,32,790 કરોડ થયો હતો. GSDP માં ટકાવારીની દ્રષ્ટિએ મહેસૂલી ખર્ચમાં છેલ્લા પાંચ વર્ષોમાં (2014-19) ઘટાડો થયો હતો અને 2018-19 દરમિયાન સૌથી નીચો 8.84 ટકા જેટલો રહ્યો હતો.

કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચનો હિસ્સો 2014-15 માં 77.65 ટકા હતો તે વધીને 2018-19 માં 81.68 ટકા ચયો હતો.

***(ફકરો 1.6.1 અને 1.6.2)***

### *મૂડી ખર્ચ*

મૂડી ખર્ચ 2014-15 માં ₹ 24,158 કરોડ હતો તે, 2016-17 માં થયેલા ઘટાડાને બાદ કરતાં, સતત વધતો રહીને 2018-19 માં ₹ 28,062 કરોડ થયો હતો.

કુલ ખર્ચની સામે મૂડી ખર્ચના હિસ્સાની ટકાવારી 2017-18 માં 18.15 ટકા હતી તેમાં ઘટાડો થઇને 2018-19 માં 17.26 ટકા થઇ હતી. 2018-19 દરમિયાન, મુડી ખર્ચ (₹ 28,062 કરોડ) કુલ જાહેર ઋણની આવકના (₹ 43,146 કરોડ) 65 ટકા થતો હતો.

***(ફકરો 1.6.3)***

***ખર્ચનો પ્રકાર***

રાજ્યના વિકાસ ખર્ચમાં સામાજીક-આર્થિક સેવાઓ પર લોન અને પેશગીઓ સહિત મહેસૂલ અને મૂડી ખર્ચનો સમાવેશ યાય છે. કુલ વિકાસ ખર્ચ 2014-15 માં ₹ 79,684 કરોડ હતો તે વધીને 2018-19 માં ₹ 1,13,728 કરોડ થયો હતો. કુલ ખર્ચની ટકાવારીની રીતે, રાજ્યનો કુલ વિકાસ ખર્ચ 2014-19 દરમિયાન 70 અને 72 ટકા વચ્ચે રહ્યો હતો.

***(ફકરો 1.7.2)***

***મૂડીરોકાણ અને વળતર***

31 માર્ચ 2019 ની સ્થિતિ મુજબ, રાજ્ય સરકારે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં ₹ 92,804 કરોડનું રોકાણ કર્યું હતું. આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા રોકાણ પર સરેરાશ વળતર 2014-19 દરમિયાન 0.13 ટકા હતું જ્યારે સરકારે એ જ સમયગાળા દરમિયાન ઉછીના લીધેલા નાણા પર સરેરાશ 7.63 ટકા જેટલા વ્યાજની ચૂકવણી કરી હતી.

***(ફકરો 1.8.3)***

રાજ્યના 71 કાર્યરત SPSUs માં મૂડીરોકાણ 2014-15 માં ₹ 1,18,060.71 કરોડ હતું તે વધીને 2018-19 માં ₹ 1,69,957.91 કરોડ થયુ હતું. મૂડીરોકાણ પરનું વળતર 2014-19 દરમિયાન 6.82 ટકા અને 4.78 ટકા વચ્ચે રહ્યુ હતું. એ જ રીતે, 71 SPSUs ની કુલ ઇક્વીટી 2014-15 માં ₹ 66,021.95 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 1,08,927.41 કરોડ થઇ હતી. ઇક્વીટી પરનું વળતર 2014-19 દરમિયાન 2.56 ટકા અને 0.88 ટકા વચ્ચે રહ્યુ હતું.

***(ફકરો 1.8.3.1 અને 1.8.3.2)***

***ઋણનું ટકાઉપણું***

રાજ્યની ચડત જવાબદારીઓ 2014-15 માં ₹ 2,02,313 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 2,85,844 કરોડ થઇ હતી. 2018-19 માં, જવાબદારીઓ પાછલા વર્ષની સરખામણીએ 11.50 ટકાના દરે વધી હતી. તેમાં ₹ 2,32,875 કરોડ (81 ટકા) જેટલું આંતરિક ઋણ, જાહેર હિસાબના ₹ 45,539 કરોડ (16 ટકા) ₹ 7,430 કરોડ (ત્રણ ટકા) જેટલી ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હતી. આંતરિક ઋણમાં મુખ્યત્વે બજારના લોન (₹ 1,79,324 કરોડ) અને NSSF ને આપેલી વિશેષ બાંયધરીઓ (₹ 39,385 કરોડ) નો સમાવેશ થતો હતો.

GSDP ની સામે કુલ ચડત જવાબદારીઓની ટકાવારી 21.95 ટકા (2014-15) થી સતત ઘટીને 19.04 ટકા (2018-19) થઇ હતી. ઋણ મુક્તિ (મુદ્દલ અને વ્યાજ) બાદ ચાલુ કામગીરીઓ માટે ઉછીના લીધેલા નાણાની ઉપલબ્ધતા 2018-19 દરમિયાન ₹ 9,294 કરોડ હતી.

***(ફકરો 1.9.2 અને 1.10.1)***

## પ્રકરણ II

**નાણાકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ**

2018-19 દરમિયાન ₹ 2,00,576 કરોડની કુલ અંદાજપત્રીય જોગવાઇના સામે, ₹ 1,80,480 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આના પરિણામે ₹ 20,096 કરોડની (₹ 2,394 કરોડના વધારા દ્વારા ભરપાઇ થયા બાદની ₹ 22,490 કરોડની બચત) ચોખ્ખી બચત થઇ હતી. છેલ્લા ચાર વર્ષ દરમિયાન અધિક ખર્ચ કરનાર વિભાગો હતા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, શિક્ષણ, પંચાયતો, ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ અને માર્ગ અને મકાન.

2007-08 થી 2018-19 ના સમયગાળાને લગતા ₹ 7,064.84 કરોડનો અધિક ખર્ચ વિધાનસભાના ધ્યાન બહાર રહ્યો હતો, કારણ કે ભારતના બંધારણ ની કલમ 205 અનુસાર તેને નિયમિત કરવાનો બાકી હતો.

***(ફકરો 2.2 અને 2.3.1)***

2014-19 દરમિયાન 18 અનુદાનો અને એક વિનિયોગમાં કુલ અંદાજપત્રીય જોગવાઇઓના ₹ 100 કરોડથી વધારેની સતત બચત રહી હતી. 2018-19 દરમિયાન, ચાર જુદા જુદા અનુદાનો હેઠળના ચાર કેસોમાં એકંદરે ₹ 1,172.52 કરોડ ની પૂરક જોગવાઇઓ (પ્રત્યેક કેસમાં ₹ 50 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી જે બિનજરૂરી પુરવાર થઇ હતી કારણ કે મૂળ જોગવાઇઓ પણ વાપરી શકાઇ ન હતી.

***(ફકરો 2.3.4 અને 2.3.5)***

15 અનુદાનો હેઠળ 21 પેટા-સદરોમાં માતબર પરત સોંપણી (₹ 100 કરોડ કરતાં વધારે અને કુલ જોગવાઇ ના 50 ટકા કરતાં વધારે) ની પરત સોંપણી કરવામાં આવી હતી. આ 21 પેટા-સદરો હેઠળ કરવામાં આવેલી ₹ 13,297.24 કરોડની કુલ જોગવાઇની સામે, ₹ 11,897.40 કરોડની પરતસોંપણી કરવામાં આવી હતી. મોટા પ્રમાણમાં પરતસોંપણી કરી હતી એ વિભાગો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, શિક્ષણ, નાણા, ગૃહ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અને સામાજીક ન્યાય અને અધિકારિતા હતા.

***(ફકરો 2.3.7.1)***

## પ્રકરણ III

**નાણાકીય અહેવાલ**

માર્ચ 2019 ની સ્થિતિએ, 31 માર્ચ 2018 સુધીમાં ચૂકવવામાં આવેલા અનુદાનોની બાબતમાં એકંદર ₹ 4,233.95 કરોડના 2,573 વપરાશી પ્રમાણપત્રો બાકી રહ્યા હતા જે ચોક્કસ હેતુઓ માટે આપવામાં આવેલા અનુદાનોના વપરાશમાં વિભાગો દ્વારા યોગ્ય દેખરેખનો અભાવ દર્શાવે છે. ₹ 4,233.95 કરોડમાંથી, 70.76 ટકા (₹ 2,995.88 કરોડ) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને લગતા હતા જ્યારે 12.35 ટકા (₹ 522.87 કરોડ) આદિજાતિ વિકાસ વિભાગને લગતા હતા.

માર્ચ 2019 ની સ્થિતિ મુજબ, જુદા જુદા વિભાગીય અધિકારીઓ દ્વારા ઉચ્ચક આકસ્મિક બિલો પર ઉપાડેલા ₹ 439.97 કરોડ જેટલી રકમના 4,496 વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરવાના બાકી હતા.

વપરાશી પ્રમાણપત્રો અને વિગતવાર બિલો લાંબા સમય માટે પડતર રહે તેમાં છેતરપીંડી અને ઉચાપતનું જોખમ રહેલું છે.

***(ફકરા 3.1 અને 3.2)***

31 માર્ચ 2019 ની સ્થિતિએ ₹ 581.01 કરોડની બંધ સિલક સાથે જીલ્લા તિજોરીઓમાં 484 વ્યક્તિગત થાપણ હિસાબો સંચાલન હેઠળ હતા. શિક્ષણ વિભાગ પાસે સૌથી વધુ સંખ્યામાં વ્યક્તિગત થાપણ હિસાબો (145) હતા અને ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગ (74) અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (53) હતા. 31 માર્ચ 2019 ની સ્થિતિએ, ₹ 12,401.27 કરોડની બંધ સિલક સાથેના જીલ્લા સ્તરે અને તાલુકા સ્તરે પંચાયતોને લગતા 280 વ્યક્તિગત થાપણ હિસાબો હતા.

***(ફકરો 3.5.1 અને 3.5.3)***

2018-19 દરમિયાન, એકંદરે ₹ 11,133.79 કરોડનો ખર્ચ જે રાજ્યના કુલ ખર્ચના 6.25 ટકા થાય છે તેનું વર્ગીકરણ ગૌણ સદર "800-અન્ય ખર્ચ" હેઠળ કરવામાં આવ્યુ હતું. એ જ રીતે, એકંદરે ₹ 4,248 કરોડની મહેસૂલી આવક જે રાજ્યના કુલ આવકના 2.37 ટકા થાય છે તેનું વર્ગીકરણ સર્વસંગ્રાહક ગૌણ સદર "800-અન્ય આવકો" હેઠળ કરવામાં આવ્યુ હતું.

સર્વસંગ્રાહક ગૌણ સદર 800 હેઠળ મોટી રકમના ખર્ચ અને આવકનું હિસાબીકરણ નાણાકીય અહેવાલોની પારદર્શકતાને અસર કરે છે કારણ કે તે સરકારની જુદી જુદી પ્રવૃત્તિઓ પરની અસંગત માહિતી હિસાબોમાં અલગ અલગ દર્શાવવામાં નિષ્ફળ રહે છે.

***(ફકરો 3.7)***